
12 ઊમૂર ન્યૂઝલેટર

# સિલ્કે હયાત

ઉમુર મવારીદ બશરીયાહ

અંક 13 | શેહરે ઝીલ કાદતિલ હરામ 1443 હી | ગુજરાતી




બદરી મહલ – જે જગ્યા મુંબઈ શહેરના દિલના સ્થાન પર છે, તે લગભગ એક સદી થી દાઅવત હાદીયાહની ઓફિસનું કેન્દ્ર છે. આજે આ ઐતિહાસિક ઇમારતમાં અનેક સંસ્થાઓનાં ખિદમતગુઝારો ખિદમત કરી રહ્યા છે, એમ કહી શકાય કે બદરી મહલ દાઅવત હાદીયાહનાં માનવ સંસાધન (મવારીદ બશરીયાહ) નું કેન્દ્ર છે.

# ખિદમત ના લિબાસ

જમીલા બેન વાસી, અલ જામેઅતુસ સૈફિયાહ

શું ગણવેશનાં લીધે માણસની ઓળખાણ છે કે માણસનાં લીધે ગણવેશની? આ પ્રશ્ન પર ઘણા સમયથી ચર્ચાઓ જારી છે, ખાસ અને દુર્લભ પહેરવેશ હોવું વિલાસિતાનું કારણ છે અને તેના પહેરનારાઓનાં દરમિયાન એકતાને પેદા કરે છે. હવે સવાલ એમ છે કે કોની કિંમત વધારે છે, ગણવેશ પહેરનારની કે ગણવેશની?

માણસ જ્યારે કોઈ પહેરવેશ પહેરે છે તો તે પોતાના વ્યક્તિત્વને મૂકીને જમાઅતનો ભાગ બની જાય છે, તેના ગુણો તેના પોતાના નથી રહેતા, પરંતુ જે વસ્તુ કે લક્ષ્યની તરફ તે જોડાય છે, તેના થઈ જાય છે. આ જ સિદ્ધાંત પર military આટલી સારી રીતે કામ કરે છે, ભલે પછી તેમાં બધાના અલગ-અલગ ક્રમાંક હોય છે, બધાનાં અલગ-અલગ સિદ્ધાંતો, વિચારો હોય છે. પરંતુ તે બધાને દેશનો પ્રેમ અને તેનાં પર કુરબાન થવાનો જોશ બાંધીને રાખે છે, અને તે જ એક લશ્કરની તાકાત છે, ભલે જે પણ પરિસ્થિતિ આવે પણ જે વ્યક્તીએ લશ્કરનો ગણવેશ પહેર્યો હશે તે કોઈ દિવસ ગભરાઈને પોતાની જગ્યા મૂકી નહીં દે.




સૃષ્ટિના નિયમોની જેમ દીનનાં અમલો માં પણ એકતાનાં ઘણા દ્રષ્ટાંતો ઉપલબ્ધ છે. એકતાનો અર્થ એ છે કે ખભાથી ખભા મેળવીને પોતાની ઉપર જે છે તેમની તરફ ધ્યાન આપે અને તેમનું આજ્ઞાપાલન કરે. જેમ નમાઝ – જે દીનનો પાયો અને થંભ છે, તેને સફ બાંધીને

અદા કરવામાં આવે છે, જ્યાં નમાઝ પઢનારાઓ ખભા થી ખભા મેળવીને દરેક અરકાનને એક સાથે અદા કરે છે, તેમાં આગળ પાછળ થવું માન્ય નથી.

સફની ખૂબી ફક્ત તેની એકતામાં જ નહીં પરંતુ તેની બનાવટમાં પણ છે, સંપૂર્ણ એકતા ત્યારે જ મળી શકે જ્યારે તેમાં કોઈ ખલલ અથવા ખાલી જગ્યા ન હોય, નમાઝના નિયમોમાં નજર કરીએ તો તેને હજુ સારી રીતે સમજી શકાય છે.

જો આગળની સફમાં ખાલી જગ્યા હોય તો જરૂરી છે કે તેને પૂરી કરવામાં આવે, એ જ રીતે એક સફમાં ઘણા લોકો હોય તો જરૂરી છે કે પાછળની સફ માં ચાલ્યા જાય.

આ રીતે ખાલી જગ્યાને ભરો અને સમયની જરૂરિયાતને સમજવું ઈસ્લામની ફલસફત માંથી છે. જે સમયમાં જે કરવું જોઈએ તે કરવું સહેલ નથી, તેમાં ધૈર્ય, હિંમત, નિશ્ચિતતા અને ભરોસાની જરૂર છે. લગભગ જ્યારે પોતાની જગ્યા અને પદ મૂકીને આજ્ઞાપાલનને અનુસરવાની સ્થિતિ આવે છે ત્યારે જ જે-તે વ્યક્તિની પ્રામાણિકતા અને મોહબ્બત – બલિદાનના ત્રાજવામાં મપાઈ છે. બલિદાન આપવાનો અર્થ એ છે કે પોતાના પાસે

જે પણ હોય, ફરઝંદો, ઘરના લોકો, માલ, જાન બધુ જ મૌલા (ત.ઉ.શ.) ની મોહબ્બતમાં કુરબાન કરી દેવું. બલિદાનનો અર્થ એ નથી કે પોતાના માટે સહેલ હોય તે કરવું, પરંતુ જે સમયમાં જે કરવાનું છે અને જેટલું કરવાનું છે તે કરવું. આ રીતે કરવું સહેલ તો નથી પરંતુ મોહબ્બત અને ઈખ્લાસનાં કારણે સહેલ થઈ જાય છે અને તાકાત અને હિંમત મળી જાય છે.

ફાતેમી ઈતિહાસમાં ઘણા દ્રષ્ટાંતો છે જે મુમેનિન માટે માર્ગદર્શનનું કારણ છે. મૌલાઈ રાજ(ક.સ.) ની ઘણી બુલંદ શાન પરંતુ દાઅવત માટે મૌલાઈ રાજ (ક.સ.)એ ફકીરીનો કુર્તો પહેરીને કંઈક મુમેનિનને બચાવી લીધા, આપ જાણતા હતા કે આમ કરવાનાં લીધે દુશ્મનો આપને તકલીફ પહોંચાડશે અને

કત્લ કરી નાખશે પરંતુ આપને જે કરવાનું હતું તે કરીને જ રહ્યા.

એ જ રીતે, જે સમયમાં દાઈને દુશ્મનોએ ધમકી આપી  અને બધાને દુશ્મનોની શરત માનવા સિવાય કોઈ રસ્તો ન્હોતો જોવાતો તે સમયે સૈયદી હસન બિન નૂહ (ક.સ.) એ પોતાનું બધું જ દાઈ (રી.અ.) ના કદમમાં ફીદા કરી દીધું.

એમ જાણવું કે કોઈ કામ નાનું કે મોટું નથી – એ જ ખિદમતનો ખરો અર્થ છે, જેના કારણે જ્યારે જે કરવું જોઈએ એ કરવાની હિંમત મળે

> ખિદમતનું માપદંડ એમ છે કે સૈયદના આલિકદર મુફદ્દલ સૈફુદ્દીન (ત.ઉ.શ.) ની મોહબ્બતમાં બધુ કરવા માટે તૈયાર રહેવું

છે. અલ જામેઉલ અનવરના પુનઃસ્થાપન અને પુનર્જીવિતના સમયમાં મુમેનિન અલગ અલગ પ્રકારની ખિદમત કરીને ફીદા થયા, તેમાં આલિકદર મૌલા (ત.ઉ.શ.)ની કોશિશ બેનઝીર અને મોટી છે. જ્યારે મસ્જિદ અને ખાસ કરીને કીબલાની હાલત ઘણી જ ખરાબ હતી, ત્યાંનાં લોકો એ દરેક પ્રકારનો કચરો અને ગંદકીથી કીબલાની બેહૂરમતી કરી હતી. તે સમયે અદ્દાઈલ અજલ સૈયદના આલિકદર મુફદ્દલ સૈફુદ્દીન (ત.ઉ.શ.) પોતે તેને સાફ કરવા માટે તૈયાર થઈ ગયા. જે ફિદાગીરી નું ઉચ્ચ દ્રષ્ટાંત છે.

ખિદમતનું માપદંડ એમ છે કે સૈયદના આલિકદર મુફદ્દલ સૈફુદ્દીન (ત.ઉ.શ.)ની મોહબ્બતમાં બધુ કરવા માટે તૈયાર રહેવું. અલ્લાહ તઆલા અને મૌલનલ મિનઆમ (ત.ઉ.શ.)ના સામે માથું નમાવતા – અમે 12 ઉમુરના ખિદમતગુઝારો સફ બાંધીને, ભલે અમે બધા અલગ છીએ પરંતુ મૌલા (ત.ઉ.શ.)ના આજ્ઞાપાલનમાં એક થઈ ને, જે સમયમાં જે કરવું જોઈએ તે કરવાને તૈયાર છે. ભલે જોવામાં અમારા માંથી કોઈ ડોક્ટરનો કોઈ વકીલનો કોટ પહેરે છે, કોઈ વેપારના કપડાં પહેરે છે, પરંતુ અમે એ ગણવેશથી મર્યાદિત નથી થતાં. પરંતુ અમારી અસલ ઓળખ - લિબાસુલ અનવર પહેરીને દરેક ખિદમત લઈ ઉઠવા માટે તૈયાર છીએ. આ ખિદમતનો ગણવેશ અમને બધાને જોડીને રાખે છે અને અમારા શમલ ને છુટ્ટો નથી પડવાં દેતો. ખુદા તઆલા અમને હંમેશા આ ખિદમતના ઠંડા સાયામાં બાકી રાખે અને અમારા શમલને જોડનાર અદ્દાઈલ અજલ સૈયદના આલિકદર મુફદ્દલ સૈફુદ્દીન (ત.ઉ.શ.)ની ઉમ્ર શરીફ ને તારોઝે કેયામત દરાઝ અને દરાઝ કરે, આમીન.

# આલમે ઈમાન થી ઉમુર મવારીદ બશરીયાહ ની જલક

મવારીદ બશરીયાહનું નિયમન

મરોલ



મરોલ(મુંબઈ)માં 12 ઉમુરનાં ખિદમતગુઝારો દર 3 મહિનામાં પોતાના કમિટીની આર્થિક જરૂરિયાત અને ખિદમતગુઝારોની ગણતરીની જરૂરિયાત રજૂ કરે છે. ઉમુર મવારીદ બશરીયાહનાં ખિદમતગુઝારો જરૂરિયાત પ્રમાણે તે બધાંને ખિદમતગુઝારો આપે છે. આ ખિદમતગુઝારોની નિમણૂક તે દરેકના હુન્નર અને અનુભવ પ્રમાણે કરવામાં આવે છે. એ જ રીતે આયોજક રીતે કાર્ય કરવાથી દરેક પ્રોજેક્ટ ઘણી સારી રીતે પૂર્ણ થાય છે.

## જમાઅત કમિટીની જરૂરત અને મહત્વ



શેખ જૂઝર ભાઈ હામીદ – કુર્લાવાલા (સગિતુલ અમાલત-મુંબઈ)

હુઝુરે આઅલા(ત.ઉ.શ.) ની રઝા મુબારક અને દુઆઅ મુબારકથી દરેક ગામમાં આયાનુલ જમાઅત સ્થાપિત છે, આયાનુલ જમાઅતની મૌલનલ મિનઆમ(ત.ઉ.શ.)ના ફરમાન પ્રમાણે ખિદમત કરવામાં ઘણી મોટી ભૂમિકા હોય છે. તેથી બધાના દ્રષ્ટિકોણમાં આ વાત હોય કે મુમેનિનની ખિદમત, તે બધા સાથે નમ્રતાથી વ્યવહાર અને રઝાનું મહત્વ દરેક આઅયાનનો પાયો છે. આ મોટી ખિદમત માટે દરેકનું વ્યક્તિત્વ અને વ્યવહાર એવા હોય કે મુમેનિનને વાત કરવામાં સુકુન અનુભવાય, એમ ન હોય કે પોતાના રુત્બામાં દબદબો રાખે અને બીજાને નીચા સમજે. પરંતુ આયાનુલ જમાઅત ગામના એવા આગેવાનો હોય કે મુમેનિનનું દરેક કામ ઘણાં જ સહેલાઈથી કરી આપે. આ રીતની આગેવાનીનું ઉદાહરણ પેન્સિલ – જે આપણે વર્ષોથી ઉપયોગ કરતાં આવ્યા છીએ, તેનાથી શીખવા મળે છે:

પહેલું તો એમ કે આપણાં દરેક કાર્યની કંઈક છાપ તો રહે જ છે, તેથી દરેક પગલું ઘણા જિમ્મેદારીથી લેવું જોઈએ.

એવી જ રીતે આપણે આપણી ભૂલો પણ સુધારી શકીએ છે પણ તેના માટે પહેલાં ભૂલનો એહસાસ હોવો જોઈએ.

ત્રીજું – આપનું વ્યક્તિત્વ, વિચારો, નીતિ એ જ આપણી ઓળખાણ છે અને દરેક જગ્યાએ તેનાંથી જ આપણી કદર અને કિંમત છે.

ચોથું – જેમ બયાન આવ્યું છે કે પરીક્ષાના સમયે (મુશ્કિલના સમયે) મર્દનાં જોહરની પરખ તેની કિંમત ખબર પડી જાય છે, અને એજ મુશ્કિલ પરીક્ષાઓથી વ્યક્તિત્વમાં વધુ નિખાર આવે છે.

# આલમે ઈમાન થી ઉમુર મવારીદ બશરીયાહ ની જલક

## સફળ વ્યક્તિત્વની ઓળખ



શેખ અબીઝર ભાઈ પાટણવાલા (સિગતુલ જામેઆ)

મેં ઈતિહાસમાં અવલોકન કર્યું છે કે દરેક સંસ્થાનો પાયો અને આગળની કાર્યવાહીનો ઝંડો – તેની સંસ્થાનાં લોકોનાં કારણે હોય છે. વર્તમાન સમયની નામચીન કંપનીઓ રિલાયંસ, ટાટા, અડાની વગેરેનું નામ તેના અગ્રણીઓ ધીરુભાઈ અંબાની, રતન ટાટા, અને ગૌતમ અડાની થી પ્રખ્યાત છે.

આ તસ્વીર એમ બતાવે છે કે મવારીદ બશરીયાહના ખિદમતગુઝારોની 12 ઉમુરના દરમિયાન શું મહત્વ છે કેમ કે તે દરેક ઉમુર માટે યોગ્ય વ્યક્તિની નિમણૂક કરી દરેક ને પોતાની જગ્યા પર મૂકે છે.

આ રીતે નિમણૂકનું કામ ઘણું મુશ્કિલ છે અને જિમ્મેદારી વાળું છે કેમ કે આજે એક તરફ ઘણા લોકો બેરોજગાર છે અને એક તરફ કંપનીઓમાં મોટી પોસ્ટ ખાલી છે, કેમ કે તે પોસ્ટ માટે યોગ્ય વ્યક્તિની તપાસ છે.

હવે કોઈ પણ કામ માટે લોકોની જિમ્મેદારી સોંપાવી હોઈ તો તે લોકોમાં શું જોવું એમ પ્રશ્ન થાય છે. મારા 25 વર્ષના અનુભવમાં મેં હંમેશા તે લોકોને મુશ્કિલ કામો કરવા માટે જિમ્મેદાર માન્યા છે, જેમનું વલણ હંમેશા એમ રહ્યું છે કે “તમે જે પણ કામ આપો થઈ જશે!”

આવાં વ્યક્તિઓ જેની આવી મોટી વિચારધારા હોય તે બધા હજારો મુશ્કિલો અને બહાના રજૂ કરવાની જગ્યાએ કામ કરવા માટે એક રસ્તો શોધી લે છે અને ખૂબ સારી રીતે દરેક કામને અંજામ સુધી પહોંચાડે છે. એવા લોકોના ટીમ મેમ્બર્સ પણ એમનાથી પ્રભાવિત થાય છે અને એમના લીડર પરનાં ભરોસાનાં લીધે શાંતિથી કામને પૂરું કરે છે. જેમ અરબી ભાષામાં કહેવત છે કે “કોઈ જિમ્મેદાર વ્યક્તિને તમે કામ સોંપસો તો તેને સ્પૂન ફીડિંગ કરાવવાની જરૂર નથી!”

એવી જ રીતે દરેક કામમાં સારી નીતિ તેના પાયાની જગ્યા પર છે. જો કોઈ કામ કરવામાં નીતિમાં ફર્ક આવતો હોય, જેમ કે ખોટું બોલીને કામ થાય તો એ કામ ભલે હમણાં ફાયદો મળી જશે પણ એમાં હંમેશનું નુકશાન જ થશે. તો કોઈ કામ માટે વ્યક્તિની ચૂંટણી કરવી હોય તો તેમનામાં સારી નીતિનું હોવું ખૂબ જ જરૂરી છે જેમ અમીરૂલ મુમેનિન (અ.સ.) એ આપના દીવાનમાં ફરમાવ્યું કે “ જે દોસ્તમાં વફાદારી, માલ ખર્ચવું અને બદીને (ખરાબ વાત) છુપાવાની ખૂબીઓ ન હોય તો તેને રાખનાં ભાવમાં વેચી દો.” આ રીતે સ્ફૂર્તિથી કામ કરનાર અને સારી નીતિના લોકો હોય તો કામ ઘણા જ સહેલાઈથી પરિણામ સુધી પહોંચી જાય છે.

# 12 ઉમુર **HR Workshop** – 1443હી.

દોઆત મૂત્તલકીન(રી.અ.)ની નજર અને દુઆઅ મુબારકના તુફેલમાં મુમેનિનના દરેક ગામમાં આમિલ સાહેબના હસ્તક જમાઅત કમિટી ખિદમત કરી રહ્યા છે. આ રીતે વર્ષોથી દરેક જમાઅત કમિટી મુમેનિનના દીન અને દુનિયાના રહાઈશ અને સ્તરને ઉપર લાવવા માટે સતત કોશિશ કરી રહી છે. હુઝુરે આઅલા(ત.ઉ.શ.)ના તેજસ્વી માર્ગદર્શન લગભગ 500 કરતાં વધુ ગામોમાં 12 ઉમુરની કમિટીઓ સ્થાપિત કરવામાં આવી છે. આ કમિટીઓ સારી રીતે ખિદમતને અંજામ આપી શકે તેના માટે નિયમનકારી અને વ્યક્તિગત રીતે ઘણો વિકાસ લાવવાની જરૂર છે. આ રીતનો વિકાસ દરેક તરફથી લાવવામાં સહેલાઈ થાય અને બરાબર સમજીને તે વિકાસ આવે તેના માટે સિગતુલ અમાલતના દેખરેખ હેઠળ વર્કશોપ તૈયાર કરવામાં આવ્યા. તેમાં 12 ઉમુરનાં ખિદમતગુઝારોને ખિદમત માટે soft skills શીખવવામાં આવે છે અને ખિદમત દરમિયાન જે સામાન્ય મુશકિલો આવે છે તેના ઉકેલ ઘણા જ ખૂબીના સાથ આપવામાં આવે છે. 12 ઉમુરનાં ખિદમતગુઝારોએ આ રીતે ઘણા વર્કશોપ આયોજિત કર્યા, એમાંથી મવારીદ બશરીયાહના સંબંધિત નીચે પ્રમાણેના મુખ્ય મુદ્દાઓ નોટ કરવામાં આવ્યા છે।





| 49 | 192 | 4000+ |
| --- | --- | --- |
| WORKSHOPS | MAWAZE | ATTENDEES |





## મવારીદ બશરીયાહનો પાયો

# વાસીંદ

વાસીંદ માં જે સમયે 12 ઉમુરની કમિટી બનાવવાનાં ફરમાન થાય, તો તે બધાએ પહેલાં પોતાની મવારીદ બશરીયાહની કમિટી મજબૂત કરી, તેમાં પછી આ કમિટીની મદદ થી બીજા ઉમુરમાં ખિદમત માટે મુમેનિનને સમાવેશ કર્યા. ખાસ કરીને તે બધાએ એક એક મુમેનિનને તેમના હુન્નર પ્રમાણે ખિદમત માટે સંપર્ક કર્યો જેનાં કારણે મુમેનિન પણ ઘણા ખુશ થયા અને સ્ફૂર્તિથી અલગ અલગ ખિદમતો કરી રહ્યા છે.

એકત્ર થવાની મજબૂતી

નોર્થ શિકાગો





# મુમેનીન ના તઅસ્સુરાત

## ખિદમત માટે સમય કાઢવો

મેં જ્યારે મારો MBBS નો કોર્સ કરી રહ્યો હતો, તે સમયે તોલોબા ઉલ કુલ્લિયાતની કમિટીમાં જોડાયો, અને તેના કારણે ઘણા ખિદમતના અવસરો મળ્યા, અને તેના લીધે Time management અને Priorities સેટકરવામાં મદદ મળી.

બુરહાનુદ્દીન ભાઈ ફખરી, મુંબઈ

## બુનય્યાતુલ ઇદીઝ ઝહબી

મને બુનય્યાતુલ ઇદીઝ ઝહબીમાં જોડાવાનો અવસર મળ્યો, જેના કારણે મને મૌલનલ મિનઆમ (ત.ઉ.શ.) ની ખુશી પ્રમાણે ખિદમત કરવાના ઘણા અવસરો મળ્યા.

આ ખિદમતમાં મને સિલત, ખબરગીરી, શૈક્ષણિક મદદ અને એ રીતની કંઈક ખિદમતોના અવસરો મળ્યા.

ઇન્સિયા બેન વઝીરી, દુબઈ

નોર્થ શિકાગોમાં 12 ઉમુરનાં મેમ્બરે ઘણું સારું આયોજન અને મહેનત કરીને પોતાની 12 ઉમુરની કમિટીમાં વધુમાં વધુ મુમેનિનને વિભાજિત કરીને સમાવિષ્ટ કર્યા. તે સાથે જે બધા મુમેનિન આ રીતની ખિદમતોમાં જોડાયા, તે બધાને ખાસ ખિદમતો સોંપવામાં આવી. તેનાં કારણે ખિદમત અંજામ આપવું ઘણું સહેલ થઈ ગયું અને વધુમાં વધુ મુમેનિન આ ખિદમતની બરકતથી ખાસ થઈ રહ્યા છે. જે મુમેનિન પહેલી વાર ખિદમતમાં જોડાયા તેમાંથી અમુકે પોતાના મંતવ્યો રજૂ કર્યા છે કે અમને આ રીતે ખિદમતનો અવસર મળ્યો, તેનાં કારણે અમને બેહદ ખુશી છે અને જમાઅત કમિટીનો એક હિસ્સો બનવું નસીબ થયું છે.

## શૂ તમને ખબર છે

મૌલનલ મિનઆમ (ત.ઉ.શ.) કરમ અને એહસાન કરીને સમયાંતરે ખિદમતગુઝારોને શીર્ષકો (titles) ફઝલ ફરમાવે છે- આ શીર્ષકોની વિગત આ રીતે છે:

NKD - અન્ નાશેતો ફી ખિદમતીદ્ દાઅવત

MKD- અલ્ મુખ્લેસો ફી ખિદમતીદ્ દાઅવત

NDI - નાસેહ અલ દાઅવત ઇલ ઇમામિયાહ

MDH- મોઈનો દાઅવત ઇલ હક

NDH - નાસેરો દાઅવત ઇલ હક

NDF- નાસેર અલ દાઅવત ઇલ ફાતેમિયાહ

## 12 ઉમુર **Identity quiz**




દરેક વ્યક્તિનો અલગ ટેસ્ટ હોય છે, અલગ શોખ હોય છે. જેના પ્રમાણે તે પોતાની ઝીંદગી મા કામો અંજામ આપે છે. તમારા વ્યક્તિત્વ પ્રમાણે તમને કયા ઉમુર માં ખિદમત કરવી જોઈએ? આ 12 સવાલોના જવાબ દઈને તમને ખબર પડશે કે તમે કયા ઉમુરમાં ખિદમત કરી શકો છો.

**CLICK HERE**

## સ્થાનિક 12 ઉમુર ન્યૂઝલેટર
















الموارد البشرية
جماعة المؤمنين
HUMAN RESOURCES

سلك حيوة
SILK-E-HAYAAT